તા.૧૫/૦૯/૨૦૨૧

પ્રતિ,

તંત્રીશ્રી,

દૈનિક......................

## શહેરમાં ભારે વરસાદના કારણે રસ્તાઓમાં થયેલ નુકશાનની મરામત કામગીરી ગતિમાં....





મેયર ડૉ.પ્રદિપ ડવે શહેરમાં ભારે વરસાદ થતા શહેરના મુખ્ય માર્ગો તેમજ સોસાયટીઓના અંદરના રસ્તાઓને નુકશાન થયેલ હોય તેનું સર્વે કરવા સુચના આપેલ. જેના અનુસંધાને ગઈકાલ તા.૧૪/૦૯/૨૦૨૧ના રોજ આ અંગે ત્રણેય ઝોનના સિટી એન્જીનીયર સાથે મેયરશ્રીએ બેઠક કરેલ.

ત્રણેય ઝોનમાં જે જે રસ્તાઓમાં નુકશાન થયેલ છે તે પૈકી સૌ પ્રથમ મુખ્ય માર્ગોને મરામત કરવા અને ત્યારબાદ સોસાયટીઓના આંતરિક રસ્તાઓ મરામત કરવા જણાવેલ. જેના અનુસંધાને ત્રણેય ઝોનમાં રસ્તા જેવા કે, પુનીતનગર ૮૦ ફુટ રોડ, વોર્ડ નં.૧૧ના જુદા જુદા માર્ગો, રૈયા રોડ, સ્પીડવેલ રોડ થી જેટકો ચોકડીવાળો રોડ, મોટી ટાંકી ચોક, નંદા હોલ, નાલંદા કોઠારીયા રોડ, કુવાડવા રોડ, સ્વાતિ પાર્ક, અમુક સર્કલ, મેહુલનગર, વિવેકાનંદનગર, ૮૦ ફુટ રોડ, આજીડેમ ચોકડી, સોમનાથ સોસાયટી વિગેરે રસ્તાઓના મરામતની કામગીરી શરૂ થઇ ગયેલ છે. તેમજ વરસાદના કારણે ત્રણેય ઝોનમાં તમામ રસ્તાઓમાં મેટલ, પેચ, પેવિંગ બ્લોક, વિગેરે માટે આશરે રૂ.૧.૨૫ કરોડનું ખર્ચ થશે. તેમજ શહેરમાં સફાઈની કામગીરી પણ ઝુંબેશ સ્વરૂપે હાથ ધરવા સોલીડવેસ્ટ મેનેજમેન્ટ

વિભાગને સુચના આપેલ. ઉપરાંત આજી નદીમાં પુર આવતા આસ્થાના પ્રતિક રામનાથ મહાદેવ મંદિરના પરિસરમાં તથા આજુબાજુ એકઠી થયેલ ગંદકી ઝાડી-ઝાખરા વિગેરેની સફાઈ પણ ગઈકાલથી શરૂ કરવામાં આવેલ છે. તેમ અંતમાં મેયરશ્રીએ જણાવેલ.

(પી.એ. ટુ મેયર)